# પ્રકરણ : ૭

# ઉપસંહાર

# પ્રકરણ : ૭

# ઉપસંહાર

મારા સંશોધનનો વિષય "વર્ષા અડાલજાની પસંદ કરેલી ગદ્યકૃતિઓમાં સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષોનું વિશ્લેષણાત્મક અધ્યયન" છે. વર્ષા અડાલજાની ૭૮ વાર્તાઓનું વર્ગીકરણ કરીને તેને પદ્ધતિસર તપાસી છે. તેમની કૃતિઓમાં સ્ત્રીપાત્રોને અનુભવાતા ભાવનાત્મક સંઘર્ષને ઓળખી તેને ભિન્ન કોટિઓમાં વર્ગીકૃત કર્યો છે. આ કૃતિઓમાં નિરૂપિત સ્ત્રીવિષયક સમસ્યાઓ શોધી તેનું વિશ્લેષણ કર્યું છે. વિવિધ સમસ્યાઓને પરિણામે સ્ત્રીઓનાં ભાવવિશ્વમાં ઉત્પન્ન થતાં સંવેદનોનો અભ્યાસ કર્યો છે. આ પ્રશ્નો અને સંવેદનોનાં સૂચિત નિરાકરણોને શોધીને તેનો અભ્યાસ કર્યો છે. સંઘર્ષોને ઘેરા કરવા ઉપયોગમાં લીધેલ સાહિત્યિક પ્રયુક્તિઓની ચર્ચા કરી છે.

કોઈ પણ સંશોધનકાર્ય પાછળનો હેતુ કેવળ વ્યક્તિગત સ્વાર્થનો ન રહેતાં સમગ્રલક્ષી અને વિશ્વવ્યાપી કલ્યાણનો હોય છે. જે તે વિષયમાં સંશોધન માટેની મહેચ્છા વ્યક્તિગત હોય છે. પરંતુ જ્યારે તે કાર્ય પૂર્ણ થાય ત્યારે સાહિત્યમાં એક આગવું પરિમાણ સિધ્ધ કરે છે. આ સંશોધનકાર્યમાં વિવિધ રીતે રજૂ થયેલી નારી સમસ્યાઓ અને અત્યાચારોની રજૂઆત છે. આ કાર્યનો મુખ્ય હેતુ આ પ્રશ્નો વિશે સમાજને અવગત કરાવવાનો છે. આ સંશોધનકાર્ય કરવાથી અનુગામી સંશોધન કર્તાઓને લાભ થશે. જે વિદ્યાર્થીઓ સ્ત્રીવિષયક સંવેદના અને ઘર્ષણની વાત રજૂ કરવા ઇચ્છતા હશે તેમને અવશ્ય મદદરૂપ થશે. આ પ્રકારનો અભ્યાસ કરવા અભ્યાસુઓ પ્રેરાશે.

જીવનમાં આવતા પ્રશ્નો કે સમસ્યાઓને લીધે સ્ત્રીઓ ભાવના અનુભવે છે. આ ભાવના તેની માનસિક સ્થિતિમાં પરિવર્તન લાવે છે. જેના કારણે સ્ત્રીને ભાવનાત્મક સંઘર્ષ થાય

છે. મનમાં થતી આંતરિક પ્રક્રિયાઓને પરિણામે સ્ત્રી સંવેદન અનુભવે છે. આ દરેક સંઘર્ષ અને સંવેદનો વર્ષા અડાલજાની વાર્તાઓમાં જોઈ શકાય છે. સ્ત્રીઓનાં મનોભાવો, પ્રશ્નો, સમસ્યાઓ વગેરે પરિબળોને કારણે તેમને અનુભવાતો ભાવનાત્મક સંઘર્ષ આ વાર્તાઓ માટેનું પરિબળ બને છે.

સંશોધનકાર્યમાં વર્ષા અડાલજા રચિત ૭ નવલિકાસંગ્રહોનો અભ્યાસ કર્યો છે. ૧૫૮ જેટલી વાર્તાઓમાંથી ૭૮ વાર્તાઓમાં સ્ત્રી વિષયક ભાવનાત્મક સંઘર્ષનું નિરૂપણ થયેલું છે. તેમની કથાઓમાં નારીનું કેવળ પાત્રચિત્રણ જ નહીં, પરંતુ તેની સંવેદના, મનોવેદના, વ્યથાને પણ વાચા મળી છે. નારીનું શારીરિક શોષણ, તેને ઝીલવા પડતા ભૌતિક અત્યાચારો અને માનસિક પ્રહારો, સંબંધોમાં ઘર્ષણ, લાગણીઓનું ઉપર-તળે થવું વગેરે તેમની કથાઓમાં વિષય બનીને આગળ આવ્યા છે. સંઘર્ષોને કારણે થતી સ્ત્રીઓની માનસિક વેદના અને આંતરિક સંચલનો  જોવા મળે છે. ભાવનાત્મક સંઘર્ષોની સ્ત્રીઓના ચિત્તમાં થતી નકારાત્મક અસરો અને તેમાંથી બહાર નીકળવાનો માર્ગ પણ દેખાય છે.

વર્ષા અડાલજાનાં સ્ત્રી-પાત્રો ભિન્ન સામાજિક પરિવેશમાંથી આવે છે. આથી તેમની સમસ્યાઓ પણ અલગ છે. તેમની મહત્તમ નાયિકાઓ સ્વસંઘર્ષ અનુભવે છે. સ્વસંઘર્ષ પાછળનાં કારણોમાં પતિની જોહુકમી, લગ્નેતર સંબંધો, શારીરિક અત્યાચાર વગેરે છે. વિકલાંગ બાળકોનાં ભાવિને લઈને ચિંતિત સ્ત્રીઓ મનોમંથનમાં પડે છે. લૈંગિક સમસ્યાઓનો ભોગ બનતી સ્ત્રીઓની દશા દયનીય બને છે.

પ્રૌઢાવસ્થામાં એકલતાની વેદના, પતિના નિધન બાદ કુટુંબીજનો તરફથી થતો ઉપયોગ, લગ્ન ન થયાની વેદના વગેરેથી સ્વસંઘર્ષમાં પડતી સ્ત્રી અસ્વસ્થ બને છે. કૌટુંબિક અને સામાજિક ભાવનાઓનો દ્રોહ થવાની સીધી અસર પણ તેને ઘર્ષણમાં નાખે છે.

કિશોરાવસ્થાનો કોઈ અનિચ્છનીય બનાવ, પ્રૌઢાવસ્થામાં અનુભવતા શારીરિક ફેરફારો સ્ત્રીને ભાવનાત્મક રીતે સંઘર્ષમાં મૂકે છે.

વાર્તાઓમાં પુરુષપાત્રો સાથે સંઘર્ષમાં ઊતરતી સ્ત્રીઓની વ્યથા છે. જેનાં મુખ્ય કારણો પતિનો લગ્નેતર સંબંધ, લગ્ન વિચ્છેદ જેવાં છે. પતિ અને પુત્ર બન્ને તરફથી છેહ પામતી સ્ત્રીની મનોવેદના છે. સમાજમાં ઉચ્ચ મોભો ધરાવતા પુરુષના ઘરમાં સ્ત્રીની દશા કેવી હોય છે તે બહારની વ્યક્તિ જાણતી હોતી નથી. તેની રજૂઆત થકી એ સ્ત્રીઓની આંતરિક પીડા વર્ણવી છે. પતિની બેદરકારી અને સંસારની જવાબદારીમાંથી છટકી જવાની મનોવૃત્તિ સ્ત્રીને પરેશાન કરે છે. સંસારની ઘંટીમાં ઓરાતી જતી અને છતાંય પ્રશંસાના બે શબ્દો ન પામતી સ્ત્રીની મનોવ્યથા છે. પુરુષો તરફથી શારીરિક શોષણનો ભોગ બનતી સ્ત્રીઓ તીવ્ર વેદના અનુભવે છે. સંસારનો ભાર વહન કરતી સ્ત્રીને પુરુષપ્રધાન સમાજમાં સ્થાન મળતું નથી એથી તે હતાશ છે.

આ વાર્તાઓમાં સ્ત્રીનો સમાજ સાથેનો અલ્પ સંઘર્ષ પણ દેખાય છે. સમાજમાં ચાલી આવતી પરંપરાગત માન્યતાઓ આ માટેનું સબળ કારણ બને છે. વિધવા સ્ત્રીઓ માટે સમાજે નિયત કરેલાં નિયમો, અસમાનતા, સામાજિક ભેદભાવ, રૂઢિવાદી પરંપરાઓ વગેરે સમાજ સાથેના સંઘર્ષનું પરિબળ બને છે. સભ્ય સમાજની સ્ત્રીનો ભ્રૂણહત્યાની નબળી માનસિકતા પ્રત્યેનો રોષ દેખાય છે.

સ્ત્રીઓનો સ્ત્રીઓ સાથેનો સંઘર્ષ પણ આલેખન પામ્યો છે. આ માટે મા-દીકરી વચ્ચેનો અણબનાવ, પરસ્પર વાતચીતનો અભાવ જેવાં કારણો ભાગ ભજવે છે.

આ પ્રકારના અનેક સંઘર્ષોને કારણે સ્ત્રીઓ વિચલિત બને છે. તેમનું મન તીવ્ર મથામણ અનુભવે છે. આ આંતરિક મથામણો તેમનાં ચિત્તમાં ઘર્ષણની ભૂમિકા ભજવે છે. આથી તેઓ નકારાત્મક સંવેદનો અનુભવે છે. વર્ષા અડાલજાની નાયિકાઓ પીડા, ઉદાસી, તિરસ્કાર,

ધૃણા, અફસોસ, ક્રોધ, ડર, ઇચ્છા અને ઈર્ષ્યા જેવાં સંવેદનોની અનુભૂતિ કરે છે. આ સ્ત્રીપાત્રો પીડાનું સંવેદન સવિશેષ અનુભવે છે. ઉદાસી અને તિરસ્કારનો અનુભવ કરતી સ્ત્રીઓ પણ છે. અમુક વાર્તાઓમાં સ્ત્રીપાત્રો ધૃણા, અફસોસ, ડરનો અનુભવ કરે છે. ૪ વાર્તાઓમાં સ્ત્રીઓનું ઇચ્છા અને ક્રોધનું સંવેદન વિકસ્યું છે. સ્ત્રીસહજ ઈર્ષ્યાનું સંવેદન ૧ વાર્તામાં રજૂ થયું છે.

દામ્પત્યજીવનની અસંગતતાનો ભોગ બનેલ સ્ત્રીઓ પીડાનું સંવેદન અનુભવે છે. બાળકો ન હોવાની પીડાની સાથે જ માનસિક પછાત બાળકો હોવા એ પણ સ્ત્રીની પીડાનું કારણ બને છે. સંતાનોથી વિખૂટા પડવાનું દુ:ખ, પતિનું અચાનક નિધન, પરિવારમાં પુત્રીઓ પ્રત્યે દ્વેષનો ભાવ, યોગ્ય ઉંમરે લગ્ન ન થવાની વેદના વગેરે કારણો સ્ત્રીને પીડિત કરે છે. ત્યક્તા સ્ત્રી તરફ સમાજની વીંધતી નજરો તેને પીડા આપે છે. પુરુષસત્તાક સમાજની જોહુકમીનો ભોગ બનેલ સ્ત્રીઓ, પિયરમાં પણ સુખ ન પામેલી સ્ત્રીઓની પીડા રજૂ થઈ છે. નિ:સંતાનપણું પણ સ્ત્રીઓને વિષાદ આપે છે.

સ્વતંત્ર જીવન જીવીને કોઈને આડે ન આવનાર સ્ત્રીને મુક્ત થવું છે. તે માટે સમાજ તૈયાર નથી. આ કારણે ઉદાસ થતી સ્ત્રી માનસિક પરિતાપનો ભોગ બને છે. દીકરીઓને શિક્ષિત ન કરવાની જૂનવાણી માનસિકતા પ્રત્યે ઉદાસીન સ્ત્રીપાત્ર અકળાય છે. શૈશવની યાદોમાં ખોવાયેલી અને બાળકો દ્વારા ઉપેક્ષિત બનેલ સ્ત્રીઓ ઉદાસ થાય છે. નવપરિણીત સ્ત્રી માવતરની યાદમાં અને અને વિધવા સ્ત્રીઓ પતિને સ્મરીને નિરાશ થાય છે. લગ્ન પછી સ્વાતંત્ર્યની અભિવ્યક્તિ ખતમ થઈ જતાં સ્ત્રીપાત્રો ઉદાસીમાં ધકેલાઈ જાય છે. અહંકારી અને જીદ્દી પુરુષનો સ્વભાવ સ્ત્રીને અસ્વસ્થ બનાવે છે. સાસુ અને પુત્રવધૂ એકબીજાનાં પ્રતિસ્પર્ધી બની જતાં ઉદાસ થાય છે.

પતિના અન્ય સ્ત્રી સાથેના સંબંધોને કારણે સ્ત્રીઓ તેમની પ્રત્યે ધૃણા અનુભવે છે. વર્ષો સુધી પતિનું પડખું સેવ્યા પછી તેની સ્વાર્થવૃત્તિનો પરિચય થતાં સ્ત્રીઓ તેને ધૃણા કરે છે.

બેવફાઈનો અનુભવ થતાં, અન્ય સ્ત્રી સાથેનો સંબંધ સ્વીકાર કરવા માટે આજીજી કરતાં પુરુષો તરફ સ્ત્રીને ધૃણા થાય છે. ક્ષતિગ્રસ્ત બાળકીની સંભાળમાંથી પોતાને સિફતપૂર્વક મુક્ત કરી દેનાર પતિ માટે સ્ત્રીનું હૃદય ધૃણાથી ભરાઈ જાય છે.

સ્ત્રીના જીવનની અમુક ઘટનાઓ તેને અન્ય પાત્ર તરફ તિરસ્કાર કરવા પ્રેરે છે. જેમાં નૈતિક મૂલ્યોનું પતન મુખ્યત્વે ભાગ ભજવે છે. પુરુષપાત્રોનો દગો, અસ્તિત્વલોપ, લિંગભેદની સમસ્યાઓ, શોષણ, સ્વમાન પર ઘા થવો જેવાં કારણો આ માટે ભાગ ભજવે છે. સ્ત્રીનું શોષણ કરવામાં પુરુષોની સાથે અન્ય સ્ત્રીઓ પણ અગ્રેસર ભાગ ભજવે છે.

આ જૂથમાં બાળમાનસ પર પડેલી માતાની છબીને કારણે તિરસ્કાર અનુભવતી સ્ત્રીઓને સ્થાન મળ્યું છે. સામાજિક પ્રશ્નો તરફ દુર્લક્ષ સેવતા સમાજના ઠેકેદારો તરફ અકળાતી નારીનો ધિક્કાર દેખાય છે. અમુક પુરુષોને કારણે સમગ્ર પુરુષજાતને નફરતની દૃષ્ટિએ મૂલવતી નારીનું ચિત્રણ જોવા મળે છે. શારીરિક અત્યાચાર સહન કરતી સ્ત્રીઓ, પતિએ એકલી છોડી દીધેલ સ્ત્રીઓ, માતાએ તરછોડી દીધેલ સ્ત્રીઓ મનોમન હિજરાય છે.

ઘણીવાર એવું જોવામાં આવે છે કે ભૂતકાળની ઘટના પરથી પસ્તાવો થાય છે. તે સમયે સ્ત્રીઓ અફસોસનું સંવેદન અનુભવે છે. આ માટે અતીતમાં થયેલ અનિચ્છનીય બનાવ, કરેલ કાર્ય માટે પસ્તાવો, પૂર્વજીવનના અંશનું સ્મરણ, મનમાં ઘર કરી ગયેલ પૂર્વગ્રહો ભાગ ભજવે છે. પોતે લીધેલા નિર્ણયો ખોટા સાબિત થતાં સ્ત્રીપાત્રો અફસોસ અનુભવે છે.

સ્ત્રીના ક્રોધના સંવેદનને રજૂ કરવા માટે પુત્ર વિયોગની વેદના, પરિવારજનોનું જક્કી વલણ, માતાનું ઉપેક્ષિત વલણ વગેરે પરિબળો ઉપસ્યાં છે.

ઘણી ઘટનાઓને કારણે સ્ત્રી ડરી જાય છે. મનમાં પેસી ગયેલ ભય અને આશંકા સ્ત્રીને જંપવાં દેતાં નથી. ભવિષ્યની અમંગળની કલ્પના તેને ભયભીત કરી મૂકે છે. શારીરિક અનુભવ અને માનસિક પજવણીને કારણે પણ સ્ત્રી આશંકિત રહે છે. અન્ય સ્ત્રીના બાળકને

સ્વીકારી તો લે છે પણ હંમેશા ભયના ઓથાર હેઠળ જીવે છે. પુરુષના અણગમતા સ્પર્શથી ડરેલી સ્ત્રીઓ છે. સ્ત્રીઓ અન્ય પાત્રો પાસે અપેક્ષા રાખે છે. એ અપેક્ષાઓ પૂર્ણ ન થતાં ઇચ્છાનું સંવેદન અનુભવે છે. અન્ય સ્ત્રીને સુખી જોઈ પરસ્પર ઈર્ષ્યા અનુભવતી સ્ત્રીઓ છે.

સંઘર્ષ અને સંવેદનો અનુભવતી સ્ત્રીઓની સમસ્યાઓ માટે લેખિકાએ નિરાકારણો આપ્યાં છે. આ નિરાકરણો માટે લેખિકાએ સ્ત્રીપાત્રોને પ્રયત્ન કરતાં દર્શાવ્યાં છે. ઘણાં નિરાકરણો લાવવા માટે અન્ય પાત્રો, ઘટના, વાતાવરણ અને સંજોગો જવાબદાર બને છે. મોટાભાગની વાર્તાઓમાં સંઘર્ષના શમન માટે સુખદ સમાધાનો સૂચવ્યાં છે. પતિ અને પુત્ર બન્નેથી પીડિત સ્ત્રીઓ પરિસ્થિતિનો હિંમતથી સામનો કરે છે. વિધવા સ્ત્રીઓ પોતાના હક માટે લડત આપે છે. ઘરેલુ હિંસાનો ભોગ બનેલ સ્ત્રી પતિને છોડી દેવાની હિંમત કરે છે. પ્રૌઢ વયે એકલતાની વેદના સહન ન થતાં સ્ત્રી પુનર્લગ્નનો વિકલ્પ સ્વીકારે છે.

ઉદાસીનું નિવારણ લાવવા સ્ત્રીપાત્રો સ્વમેળે પ્રયાસ કરે છે. પરિવારજનોની ઉપેક્ષાને લીધે ઉદાસ સ્ત્રીપાત્રો નોકરી સ્વીકારી નવો રાહ પસંદ કરે છે. પતિ તરફનો સંઘર્ષ નિવારવા સ્ત્રીઓ સંસારને એકઝાટકે છોડી દેવાની ખુમારી બતાવે છે. મોટી ઉંમરે એકલી રહી ગયેલી સ્ત્રીઓ યોગ્ય પાત્ર શોધી પરણવાની હિલચાલ કરે છે. માતા તરફની ધૃણાને મનમાં શમાવી તેની અંતિમ ક્રિયામાં ભાગ લે છે.

અનૈતિક સંબંધ રાખતા પતિ તરફની ધૃણા દૂર કરવા સ્ત્રીઓ તેમને મુક્ત કરી દે છે. રોજબરોજના કંકાસથી ત્રસ્ત સ્ત્રીઓ પતિનું ખૂન કરી સંઘર્ષમાંથી મુક્તિ મેળવે છે. પતિના મૃત્યુ પછી મુક્તિનો શ્વાસ મેળવતી સ્ત્રીઓ પોતાની પસંદગીનું કાર્યક્ષેત્ર મેળવીને ખુશ થાય છે. સ્ત્રી વારસ તરીકે પુત્રની માગણી કરતા પતિ સામે વિદ્રોહ કરીને શમન લાવે છે. દૈહિક જરૂરિયાતોને શમાવવા પુરુષમિત્રોનો સહારો લે છે.

સહજીવનમાં ઉદાસીન સ્ત્રીને પતિ મનાવી તેની ઉદાસી દૂર કરે છે. સાસુ-વહુનો માનસિક સંઘર્ષ નિવારવા વહુની બીમારી પરિબળ બને છે. કિશોરીને ભણતરમાં નવાં શિક્ષિકા મદદ કરે છે. લગ્નભંગ થયેલી સ્ત્રીને માતા નવા જીવન માટે તૈયાર કરે છે. માતા તરફનો રોષ દૂર કરવા માટે ફોઈનું પાત્ર સહાય કરે છે.

અફસોસનું સંવેદન અનુભવતી સ્ત્રીઓ પસ્તાવો કરે છે. પણ તેમની પાસે અન્ય કોઈ વિકલ્પ નથી રહેતો. આથી તેઓ પોતાના સંઘર્ષને સ્વીકારી લે છે. ઘર સંસારની રોજિંદી ઘટમાળમાં અટવાયેલી સ્ત્રીનાં સ્વપ્નો પૂર્ણ થતાં નથી. સમાજમાં પ્રવેશી ગયેલ દૂષણો સામે નારીનો મૂક સંઘર્ષ છે. તેનું કોઈ નિવારણ નથી. આર્થિક વિષમતાઓ વચ્ચે જીવતી સ્ત્રીઓની ઈર્ષ્યાનું શમન નથી. બળાત્કારની વેદના સહેતી સ્ત્રીના સંઘર્ષ માટે નિરાકરણ નથી.

સ્ત્રીઓના ભાવનાત્મક સંઘર્ષનો વિકાસ કરવા લેખિકાએ વિવિધ રચના પ્રયુક્તિઓનો પ્રયોગ કર્યો છે. આ પ્રયુક્તિઓ સ્ત્રીપાત્રોનાં મનોગત સંચલનોને પ્રગટ કરવામાં સહાયરૂપ બની છે. જેના થકી સંવેદનો અને નિરાકરણો પ્રગટ કરવામાં પણ સહાય મળી છે. વાર્તાઓમાં પીઠઝબકાર પ્રયુક્તિનો વિશેષ ઉપયોગ કર્યો છે. આ પ્રયુક્તિ થકી પાત્રોના ભૂતકાળને તાદૃશ કર્યો છે. જેનાથી સ્ત્રીનો સંઘર્ષ વધુ ઘેરો બન્યો છે. સ્થૂળ વસ્તુને પ્રતીક તરીકે વર્ણવીને સ્ત્રીની સંવેદનાઓને રજૂ કરી છે. પાત્રોને વર્તમાન અને ભૂતકાળની સફરે લઈ જઈને સંવેદન ઘેરું કર્યું છે. આ માટે બાયફોકલ પ્રયુક્તિ નિરૂપી છે. બન્ને સમયમાં બનતી સમાન ઘટનાઓથી સ્ત્રીની વેદના વ્યક્ત થાય છે.

બે વિરુદ્ધ લાક્ષણિકતા ધરાવતાં પાત્રોની મનઃસ્થિતિને સબળ કરવા સહોપસ્થિતિનો વિનિયોગ કર્યો છે. જેના થકી બન્ને પાત્રોની મનઃસ્થિતિનો ચિતાર મળે છે. પ્રત્યક્ષ કહી ન શકાય એવી ગૂઢ વાતોને રજૂ કરવા પત્રનો સહારો લીધો છે. આ પત્રથી દીકરીનું માતા તરફના સંઘર્ષનું શમન થાય છે. પુરુષોનું આધિપત્ય સ્વીકારવાની મનાઈ કરતી સ્ત્રીઓ

વક્રોક્તિનો સહારો લે છે. પોતાની નબળી આર્થિક સ્થિતિ માટે ઈશ્વરને જવાબદાર ઠેરવતી કિશોરી આંતરિક એકોક્તિ દ્વારા ફરિયાદ કરે છે. બાળકો સામે બોલી ન શકતી સ્ત્રીનો સંઘર્ષ આત્મકથનાત્મક ઢબે ઘેરો બન્યો છે. વર્ણનો થકી સ્ત્રીની અસહાયતાને રજૂ કરી છે. મૂંગી પૂતળીનો સંઘર્ષ રજૂ કરવા પુરાકલ્પન પ્રયુક્તિ અસરકારક બની છે. બે સખીઓ પરસ્પર સંવાદ કરીને વેદના વહેંચે છે.

વાર્તાઓના અભ્યાસ બાદ કહી શકાય કે સામાજિક વિચારધારામાં પરિવર્તન આવતાં સ્ત્રીઓની દશામાં પણ એક ચોક્કસ પ્રકારનો બદલાવ થયો છે. પ્રથમ વાર્તાસંગ્રહની નાયિકાઓ પારિવારિક સમસ્યાઓનો ભોગ બનીને યાતના ભોગવે છે. રૂઢિગત વિચારધારામાં ગોઠવાઈ ગયેલી સ્ત્રી ઇચ્છે તો પણ પોતાના હક માટે લડી શકતી નથી એ અહીં દેખાય છે. એની સરખામણીએ છેલ્લા સંગ્રહની નાયિકાઓ વધુ સ્પષ્ટવક્તા, સ્વતંત્ર અને ચપળ જણાય છે. પોતાની કહેલી વાતનું અનુસરણ થાય છે કે નહીં એનું ધ્યાન રાખે છે. આ સ્ત્રીઓ પોતાનો હક અને ફરજ બરાબર રીતે સમજે છે. પોતાની જવાબદારીઓ પૂર્ણ કરવાની સાથે અન્યોનો પોતાની તરફનો વ્યવહાર સમજી શકે તેટલી આવડત ધરાવે છે.

આ વાર્તાઓમાં જોઈ શકાય છે કે અનેક ક્ષેત્રોમાં સફળ કારકિર્દી હોવા છતાં સ્ત્રીઓ સાથે અન્યાય થાય છે. તેનો સામનો કરી શકવાની ત્રેવડ હોવા છતાં અમુક સંજોગો અને પરિસ્થિતિ તેમના પક્ષે ન હોવાથી મનોમન મૂંઝાય છે. આ ઘર્ષણ પોતાની જાત સાથે કે અન્ય પાત્રો સાથેના વ્યવહારમાં જોઈ શકાય છે.

વર્ષા અડાલજાની ઘણી વાર્તાઓમાં સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષનું તત્ત્વ નથી. તેનો અભ્યાસમાં સમાવેશ કર્યો નથી. પુરુષપ્રધાન કથાનક ધરાવતી વાર્તાઓમાં ‘નીલરંગી મોતીનો નેકલેસ’, ‘કાલુ જલ્લાદની ઇજ્જત’, ‘ન કહેલી એક વાત’, અંગત શોધનો પ્રદેશ’, ‘એક મૂક અંજલિ’, ‘માઈલ-સ્ટોન વગરનો રસ્તો’, ‘બદ્રી-કેદાર’, ‘બે ને બે પાંચ મિનિટ’, ‘મુસાફરી’,

‘દો રોયલ સેલ્યુટ’, ‘અકસ્માત’, ‘આ છે વિશ્વનાથ આચાર્ય’, ‘રૂડા પ્રતાપ’, ‘દરિયામાં નાવ’, ‘દટાયેલી નગરી’, ‘પાછલી ગલીના દિવસો’, ‘દૂધનો ઘડો’, ‘જયસુખિયો’, ‘પોપટ આંબાની ડાળ’, ‘ટીંબો’, ‘એક હતો કાગડો’, ‘દૃષ્ટિ’, ‘કાનોમાતર વગરનું ગામ’, ‘સૂતરને તાંતણે’, ‘સોનાનો સિક્કો’, ‘પ્રોજેક્ટ લવ’, ‘આ જા પિયા’, ‘પ્રકાશની આંખોમાંનો અંધકાર’, ‘હેય બ્રાઉની!’, ‘ફરકી ઊઠેલી આંગળીઓ’ જેવી છે. જે અભ્યાસમાં લીધી નથી.

સ્ત્રીવિષયક ભાવનાની ગેરહાજરી હોય તેવી વાર્તાઓમાં ‘કોઈ અજાણ્યા પ્રદેશની સફર’, ‘લાશ’, ‘સોદો’, ‘કૂંપળ’, ‘એક ગામની વાર્તા’, ‘રેસનો ઘોડો’, ‘વસંત મહોરી’, ‘કમ્પ્લીટ ફેમિલી’ છે.

સ્ત્રીવિષયક ભાવનાનું તત્ત્વ અલ્પ પ્રમાણમાં હોય તેવી વાર્તાઓમાં ‘સંધિકાળ’, ‘સાત વારની હોડી’, ‘વાસંતી મારી કોયલ’, ‘બિંદીનો હાથી’, ‘વિદાયની ક્ષણે’, ‘અનરાધાર વરસાદ’, ‘મેનોપોઝ’, ‘સપનાંનો રાજકુમાર’, ‘વરખ’, ‘ચાંદલો’, ‘ખૂટતો રંગ’, ‘અમસ્તું જ’, ‘બારિશ્તા’, ‘દૃષ્ટિ’ વગેરે છે. જેનો અભ્યાસમાં સમાવેશ નથી.

સમગ્ર અભ્યાસને પગલે વર્ષા અડાલજાની ચયન કરેલી વાર્તાઓ વિશે નીચે મુજબ તારણો મળે છે.

- ✓ વર્ષા અડાલજાની વાર્તાઓમાં સ્ત્રીઓની સામાજિક પરિસ્થિતિનું નિરૂપણ થયું છે. તેમનું સમાજમાં સ્થાન અને પ્રશ્નોની ચર્ચા કરી છે.
- ✓ તેમની વાર્તાઓનું કથાનક સ્ત્રીવિશ્વને રજૂ કરે છે. સ્ત્રીઓની સમસ્યાઓ અને તેને કારણે અનુભવાતાં સંવેદનોનું સૂક્ષ્મ નિરીક્ષણ જોઈ શકાય છે.
- ✓ વર્ષાબહેને વાર્તાઓમાં સમાચારો, હેડ લાઈન્સ, સાચી ઘટનાઓ, જીવંત પાત્રો વગેરેનો વિનિયોગ કર્યો છે. તેમનાં સ્ત્રીપાત્રો અને તેમનો ભાવનાત્મક સંઘર્ષ આપણને ભિન્ન ન અનુભવાતાં રોજબરોજનાં નિકટવર્તી પાત્રોનો હોય એમ લાગે છે.

- ✓ વાર્તાનાં સ્ત્રીપાત્રો ઉચ્ચ શિક્ષિત વર્ગ, નીચલો અને મધ્યમ વર્ગ તથા ગરીબ વર્ગ થકી આવે છે. એ જ મુજબ તેમનો સંઘર્ષ પણ દૃશ્યમાન છે. વર્ષા અડાલજાએ દરેક સ્તરની સ્ત્રીઓની વેદનાને વાચા આપી છે.
- ✓ આ સ્ત્રીઓ સંસ્કારી, ભદ્ર, શિક્ષિત અને અલ્પશિક્ષિત વર્ગનું પ્રતિનિધિત્વ કરતી જોવા મળે છે. આ વાર્તાઓમાં દરેક વર્ગના સમાજનું પ્રતિબિંબ જોવા મળે છે.
- ✓ સ્ત્રીપાત્રોનો ભાવનાત્મક સંઘર્ષ રજૂ કરવા માટે લેખિકાએ આંતર અને બાહ્ય પરિબળોનો સંગમ કર્યો છે.
- ✓ વાર્તાનાં સ્ત્રીપાત્રો સમાજ અને પુરુષપ્રધાન વ્યવસ્થા થકી શોષિત, દબાયેલ અને કચડાયેલ છે.
- ✓ લેખિકાની ઘણી નાયિકાઓ સાંપ્રત સમાજની છે. તેમની સમસ્યાઓ પણ નવીન છે. શહેરી જીવનની વિષમતાઓ, હાડમારી અને વિકૃતિઓને કારણે સ્ત્રીપાત્રો ભાવનાત્મક સંઘર્ષ અનુભવે છે.
- ✓ આ વાર્તાઓમાં સ્ત્રીનો સ્વ સાથેનો, પુરુષ સાથેનો, સમાજ સાથેનો અને અન્ય સ્ત્રી સાથેનો સંઘર્ષ દૃશ્યમાન થાય છે. અન્ય સંઘર્ષોની સરખામણીએ સ્વસંઘર્ષની માત્રા વધુ છે. આ માટેનાં સામાન્ય પરિબળોમાં નિ:સંતાનપણું, એકલતા, સમાજવ્યવસ્થાના જડ નિયમો, અતૃપ્ત ઝંખનાઓ, સહજીવનની સમસ્યાઓ, મહત્ત્વાકાંક્ષા વગેરે ભાગ ભજવે છે.
- ✓ પુરુષ સાથેના સંઘર્ષ માટેનાં કારણોમાં સ્ત્રીને થતી માનસિક ક્ષતિ, પુરુષવર્ગ દ્વારા થતું શોષણ, નૈતિક મૂલ્યોનું પતન, અસુરક્ષિતતાની લાગણી, દામ્પત્યજીવનનો ખટરાગ વગેરે પરિબળો ભાગ ભજવે છે.
- ✓ સામાજિક વિષમતાઓ, પુરુષ આધિપત્ય, અંધશ્રદ્ધા, નિમ્ન સમાજનું ઉચ્ચ વર્ગ તરફથી થતું શોષણ વગેરે સમાજ સાથેના સંઘર્ષ માટે જવાબદારો પરિબળો છે.

- ✓ વાર્તાઓમાં જોઈ શકાય છે કે માતા અને પુત્રીના સંબંધમાં પણ કડવાશ હોઈ શકે અને તે સ્ત્રીના સ્ત્રી સાથેના સંઘર્ષનું કારણ બને છે. બોમ્બ બ્લાસ્ટ જેવા નવીન વિષયોમાં આંતરજ્ઞાતીય લગ્નનો પ્રશ્ન સ્ત્રીસંઘર્ષનું કારણ બને છે.
- ✓ સ્ત્રીપાત્રોની નકારાત્મક ભાવનાઓને રજૂ કરવા પીડા, ઉદાસી, ઘૃણા, તિરસ્કાર, ક્રોધ, ડર, અફસોસ, ઇચ્છા અને ઈર્ષ્યા જેવાં સંવેદનોનું આલેખન કર્યું છે. આ માટેનાં જવાબદાર કારણોમાં શોષણમૂલક પુરુષવર્ગ, અસ્તિત્વ માટેની લડાઈ, અરમાનોનો ભોગ વગેરે છે. પીડા અને ઉદાસીને કારણે સંઘર્ષ અનુભવતી સ્ત્રીઓનું પ્રમાણ વધુ છે. ઘરેલું ત્રાસને કારણે સ્ત્રીઓ ઘૃણા અનુભવે છે. પરસ્પર સમજૂતીનો અભાવ સ્ત્રીપાત્રોમાં ઇચ્છા અને ઈર્ષ્યાનું સંવેદન પેદા કરે છે. માનસિક બીમાર બાળકો પ્રત્યે સ્નેહ વરસાવતી અને તેમના ભાવિની ચિંતા કરતી સ્ત્રીઓ ઉદાસ થાય છે. દૈહિક અનિવાર્યતાઓ પરિપૂર્ણ ન થતાં ઉદાસ થતી સ્ત્રીઓનું સંવેદન રજૂ થયું છે.
- ✓ દરેક સંઘર્ષ માટે લેખિકાએ સૂચવેલાં કે ન સૂચવેલાં નિરાકરણોની માહિતી મળે છે. મોટાભાગની વાર્તાઓમાં સ્ત્રીપાત્રોના સંઘર્ષ માટે સકારાત્મક સમાધાનો આપ્યાં છે.
- ✓ પરંપરાગત વિચારસરણીનું અનુસરણ કરતાં પાત્રો સ્ત્રીઓની સમસ્યાઓને વધારે છે. ઘણી સ્ત્રીઓ આ પ્રશ્નોનો હિંમતથી સામનો કરે છે. જ્યારે કેટલીક તેનો મૂંગે મોઢે સ્વીકાર કરે છે.
- ✓ દરેક સ્ત્રીની સંઘર્ષનો સામનો કરવાની પણ અલગ રીત છે. કેટલીક સ્ત્રીઓ સંઘર્ષને કુનેહપૂર્વક ટાળે છે. કેટલીક તે સામે બળવો પોકારે છે.
- ✓ અમુક સ્ત્રીઓ લગ્નજીવનમાં ભંગાણના ડરથી સંઘર્ષનો સ્વીકાર કરે છે. બાળકનું ભવિષ્ય જોખમાય એ બીકે સંઘર્ષનો સામનો કરતી નથી. સમાજમાં પ્રવર્તમાન રૂઢિવાદી વિચારધારાને કારણે મૂંઝાતી સ્ત્રી મને-કમને તેનો સ્વીકાર કરે છે.

- ✓ ઓછું ભણેલ સ્ત્રી પણ પતિનો કકળાટ સહન કરતી નથી અને નવો માર્ગ શોધી લે છે.
- ✓ સમાજની સામે વિદ્રોહ કરતી નારીની સમાંતારે સમાધાનકારી વલણ અપનાવીને સંઘર્ષનું શમન કરતી નારી પણ છે.
- ✓ અમુક વાર્તાઓમાં ચોટદાર અંતથી સંઘર્ષનું નિવારણ આવે છે, જ્યારે અમુકને પ્રશ્નો સાથે છોડી દીધી છે. કેટલીક વાર્તાઓમાં એક કે બે વાક્યમાં જ સૂચક અંત મળે છે.
- ✓ સંતાનોને જીવથી વધુ વહાલ કરતી માતા કુછંદે ચડેલા પુત્રને સડી ગયેલી આંગળીની જેમ કાપી પણ શકે છે.
- ✓ બાળકો માટે મનોમન હિજરાતી સ્ત્રીઓની વેદના સામે 'પાપનાં ફળ' સમા પોતાના જ બાળકને ત્યજી દેવાની તૈયારી કરતી સ્ત્રીના સંઘર્ષની પરાકાષ્ઠા દર્શાવે છે.
- ✓ સ્ત્રીપાત્રો ઘણું જતું કરે છે, પણ આત્મસન્માનને ભોગે મહત્ત્વનો નિર્ણય લેવામાં પાછીપાની કરતી નથી.
- ✓ આધુનિક અને સ્વતંત્ર નારી સાથે પણ ઘરને છાને ખૂણે અન્યાય થાય છે. હિંમતના અભાવને કારણે તે સંઘર્ષમાંથી બહાર નીકળી શકતી નથી.
- ✓ સંતાનપ્રાપ્તિની પ્રબળ ઝંખના ધરાવતી સ્ત્રીઓનો સંઘર્ષ છે. તેઓ અન્યના બાળકનો સ્વીકાર કરી પીડાનું શમન કરે છે.
- ✓ શિષ્ટ પરિવારની સ્ત્રીઓની સંવેદનાઓ એટલી હદે ક્ષત-વિક્ષત થાય છે કે તે અનૈતિક સંબંધોમાં પરિણમે છે. સંસ્કારી સ્ત્રીપાત્રો જેલવાસનો વિકલ્પ સ્વીકારે છે.
- ✓ સ્ત્રીઓ સંઘર્ષ નિવારણ માટે રૂઢિગત પ્રણાલિઓને ફગાવી દેવામાં માને છે. સ્વતંત્ર નિર્ણયશક્તિથી આપમેળે નવી કેડી કંડારે છે.
- ✓ વાર્તાઓમાં વિધવા અને ત્યક્તા સ્ત્રીઓના પ્રશ્નોને વાચા આપી છે. તેઓ સ્વમાનભેર જીવી શકે તે પ્રકારનાં નિરાકરણો આપ્યાં છે.

- ✓ મોટાભાગની વાર્તાઓમાં સ્ત્રીઓના સંઘર્ષ માટે નિવારણો મળે છે. કેટલીક વાર્તાઓમાં વર્ષા અડાલજાએ સ્ત્રીઓના સંઘર્ષનાં નિવારણ માટે સ્ત્રીપાત્રોને જ તૈયાર કર્યાં છે.
- ✓ ઘણી વાર્તાઓમાં પરિસ્થિતિ અને ઘટનાઓ રજૂ કરી નિવારણો સૂચવ્યાં છે. ઘણી વાર્તાઓમાં અન્ય પાત્ર પણ સંઘર્ષનિવારણ માટે સહાયરૂપ બને છે.
- ✓ વિવિધ રચના પ્રયુક્તિઓનો વિનિયોગ અને તે થકી પાત્રસૃષ્ટિનાં સંઘર્ષ અને સંવેદનાનું અસરકારક નિરૂપણ કર્યું છે.
- ✓ પીઠઝબકાર, પ્રતીક, ફ્લેશ ફોરવર્ડ જેવી સાહિત્યિક પ્રયુક્તિઓ સ્ત્રીના સંઘર્ષને ઘેરો બનાવે છે. બાયફોકલ અને સહોપસ્થિતિના ઉચિત વિનિયોગથી સ્ત્રીઓનું સંવેદન ઘેરું કર્યું છે.
- ✓ પત્ર અને સંવાદ જેવી પ્રયુક્તિઓનો જૂજ વિનિયોગ કર્યો છે.
- ✓ કથામાં પુરુષપાત્રોનું એક અલાયદું અને ચોક્કસ સ્થાન છે પરંતુ, સ્ત્રીઓની સરખામણીમાં અલ્પ ધ્યાનાકર્ષિત છે. તેમને વધુ ઉજાગર કરવામાં લેખિકાને રસ નથી. એમ કહી શકાય કે સ્ત્રીપાત્રોને સહાયરૂપ બનવા માટે જ તેમનું પાત્રાલેખન થયેલું જણાય છે.
- ✓ બહારથી સુચારુ, સંસ્કારી અને ઉદાત્ત દેખાતાં પુરુષપાત્રોની નબળી માનસિકતા વાર્તાઓમાં ઝીલાઈ છે જેને કારણે સ્ત્રીઓને ભોગવવાનું આવે છે. નીચલા વર્ગનું પ્રતિનિધિત્વ કરતાં પુરુષપાત્રો સ્ત્રીઓ પર શારીરિક અત્યાચાર કરીને ક્ષતિ પહોંચાડે છે.

વર્ષા અડાલજાની વાર્તાઓના અભ્યાસ બાદ જોઈ શકાય છે કે સ્ત્રીની ભાવના અને સંવેદનશીલતા તેમની કલમે રજૂ થઈ છે. વાર્તાઓમાં સ્ત્રીહૃદયનાં ગૂઢ ભાવો અને સંવેદનોને વાચા મળી છે. વર્ષા અડાલજાએ પોતાની આસપાસ જે વાતાવરણ જોયું અને અનુભવ્યું છે તે જ તેમની વાર્તાઓમાં દર્શાવ્યું છે. તેમની વાર્તાઓમાં સ્ત્રીપાત્રોનાં મનોજગતની આંટીઘૂંટી અને તે કારણે ઉત્પન્ન થતા ભાવનાત્મક સંઘર્ષોની અસરકારક રજૂઆત છે.